# બ્રિટીશ હાઈ કમિશનની મોદી સાથે ચર્ચા : સંબંધ મજબૂત થશે

## ગુજરાત સાથેના આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને રાજદ્વારી સંબંધો મજબુત કરવા પર ચર્ચા : બ્રિટનનું પ્રતિનિધિ મંડળ ગુજરાત ગ્લોબલ સમિટમાં જોડાશે

અમદાવાદ,તા. ૨૨

ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતમાં બ્રિટીશ હાઈકમીશનર જેમ્સ બેવનને મળ્યા હતા. આની સાથે જ નરેન્દ્ર મોદીનો બહિષ્કાર કરવાનો દોર પણ પૂરો થઈ ગયો હતો. વર્ષ ૨૦૦૨માં સાંપ્રદાયિક હિંસા થયા બાદથી મોદીનો ૧૦ વર્ષથી બહિષ્કાર કરવામાં આવી રહ્યો હતો. બંને વચ્ચેની વાતચીત ખૂબ જ સાનુકૂળ માહોલમાં થઈ હતી. બ્રિટન અને ગુજરાત વચ્ચે પારસ્પરિક સંબંધોનું ફલક સુદ્રઢપણે વિકસાવવા બ્રિટીશ હાઈ કમિશ્નર અને મોદી વચ્ચે ૫૦ મિનિટ સુધી સફળ ચર્ચા થઈ હતી.

ગુજરાત સાથેના આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને રાજદ્વારી સંબંધોનું ફલક વિકસાવવા સંદર્ભમાં વિવિધ વિષય પર ચર્ચા થઈ હતી. અમદાવાદમાં ડેપ્યુટી બ્રિટીશ હાઈ કમિશ્નરની કચેરી શરૂ કરવા મુખ્યમંત્રીએ અપિલ કરી હતી. ગુજરાતીઓ અને ખાસ કરીને ગુજરાતના વિદ્યાર્થીઓ બ્રિટનમાં ઉચ્ચ અભ્યાસમાં સક્રિય છે. તેમની હિતો જાળવવા બ્રિટન સરકાર ગુજરાતમાં વાલીઓ સાથે વાતચીત પણ કરશે. બ્રિટનનું ઉચ્ચસ્તરિય પ્રતિનિધિ મંડળ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૩માં ભાગ લેશે. મોદીએ આ વાતચીત દરમિયાન બ્રિટનના હાઈ કમિશ્નરને ૨૦૦૦ વર્ષની પ્રાચિન સંસ્કૃતિ પરંપરાનું પેન્ટિંગ પણ આપ્યુ હતુ. આ પ્રસંગે બેવને કહ્યુ હતુ કે ગુજરાત અને ગુજરાતીઓના વિકાસમાં સામર્થ્યને તેઓ આવકારે છે. ગુજરાત સાથે સંબંધો વધુ મજબૂત બનાવવાશે. બ્રિટન અને ગુજરાત વચ્ચે સંબંધોમાં એક નવી શરૂઆત થઈ છે. જેમ્સ બેવન ગાંધીનગરમાં મોદીને મળવા પહોંચ્યા ત્યારે તેમને આવકારવા મુખ્ય સચિવ વરૂણ માયરા, ગૃહના અધિક મુખ્ય સચિવ એસકે નંદા, ઉદ્યોગના અગ્ર સચિવ મહેશ્વર સાહુ ઉપસ્થિત રહ્યા હતા. મોદીને મળ્યા બાદ બેવન રાજ્યપાલ કમલા બેનિવાલને પણ મળ્યા હતા. ૧૧મી ઓક્ટોબરના દિવસે બ્રિટન સરકારે મોદીના ૧૦ વર્ષના બહિષ્કારનો અંત લાવવાની જાહેરાત કરી હતી. ગુજરાત સાથે સંબંધોના મુદા પર



વિસ્તારપૂર્વક વાતચીત થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત સાથે બ્રિટનના રાજદ્વારી સંબંધોની પુનઃ શરૂઆત તરીકે આ મિટીંગને જોવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠ્યા બાદ ગુજરાત સાથેના બ્રિટનના સંબંધો તૂટી ગયા હતા. આજની બેઠકના બે સપ્તાહ પહેલા બ્રિટિશ સરકારે દાવો કર્યો હતો કે ગુજરાત સાથે સંબંધોને સામાન્ય બનાવવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભાજપના શક્તિશાળી નેતા અને હિંદુત્વ પોસ્ટર બોય બની ચૂકેલા મોદી ગઈકાલે સંઘના વડા મોહન ભાગવતને મળ્યા હતા પરંતુ મોદીએ એવા સૂચનને ફગાવી દીધા હતા કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે તેમને પ્રોજેક્ટ કરવાનો મુદ્દો મિટીંગમાં છવાયો હતો. મોદીએ આરએસએસ હેડક્વાર્ટર ખાતે વાતચીત કર્યા બાદ કહ્યું હતું કે આ પ્રકારની બાબતોમાં આરએસએસની કોઈ ભૂમિકા નથી. તેઓએ એવા અહેવાલને પણ રદિયો આપ્યો હતો કે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા માટે દબાણ લાવવામાં લાવી રહ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આરએસએસના વડા મોહન ભાગવત, જનરલ સેક્રેટરી ભૈયાજી જોષી, સુરેશ સોનીને મળવા માટે તેઓ લાંબા સમય બાદ તેઓ પહોંચ્યા છે. વાતચીતમાં જુદા જુદા પ્રશ્નો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી તાજેતરમાં સંજય જોષીની ગુજરાતમાં વારંવારની યાત્રાને લઈને પરેશાન દેખાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત કેશુભાઈ પટેલ પરિબળને લઈને પણ ભાજપ કેમ્પમાં અટકળોનો દોર ચાલી રહ્યો છે આવી સ્થિતિમાં સંઘના વડાઓ સાથે મોદીની બેઠકને લઈને અટકળો શરૂ થઈ છે. જો કે મિટીંગ બાદ મોદીએ કોઈ સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા થઈ છે કે કેમ તે અંગે વાત કરી ન હતી.



નવી દિલ્હી ખાતેના બ્રિટિશ હાઈકમિશનર સર જેમ્સ બેવને આંજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીએ સર જેમ્સ બેવનને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યુ તે માટે શ્રીયુત બેવને આભાર વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં બ્રિટિશ હાઈકમિશનરશ્રી સાથે તેમના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૨૮માં માતાજીની દેરી તોડી પડાતા વસાહતીઓ રોષે ભરાયા

## ચાર દાયકાથી સ્થપાયેલી દેરી તંત્રએ તોડી નાંખતા વસાહતીઓ આંદોલનના મૂડમાં

ગાંધીનગર, તા. ૨૨

નવદુર્ગાની નવરાતના પર્વ દરમિયાન સે. ૨૮ના જ-ટાઈપ વિસ્તારમાં સ્થિત માતાજીની દેરી તંત્રએ આજે તોડી નાંખી હતી. સ્થાનિક સુવિધા કેન્દ્ર દ્વારા અચાનક જ આ પગલુ ભરાતા સેક્ટરના શ્રદ્ધાળુઓએ શાબ્દિક વિરોધ વ્યક્ત કર્યો હતો. આખરે આ મામલે વિધિવત મંજૂરી લઈ દેરી બનાવવા નહીં દેવાય તો રહીશો આંદોલનની રાહ અપનાવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સે. ૨૮માં આજે બપોરના સમયે તંત્ર દ્વારા જ-ટાઈપ વિસ્તારમાં સ્થિત માતાજીની દેરી તોડી પાડ્યાની કાર્યવાહી હાથ ધરાતા સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્ત્યો હતો. સેક્ટરમાં દત્તમંદિર પાછળના જ-ટાઈપ વિસ્તારમાં માતાજીની દેરી ૧૯૭૧ના વર્ષથી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સ્થાનિક વસાહતીઓ દ્વારા રોજબરોજ અહીં પૂજા-અર્ચના પણ કરવામાં આવતી હતી. જ્યારે નવરાત દરમિયાન વિશેષ પૂજા આરતી પણ થતી હતી. બીજી તરફ આજે બપોરે અચાનક જ સુવિધા કેન્દ્રના કર્મચારીઓએ માતાજીની દેરી તોડવાનું શરૂ કરતા પોતાની શ્રદ્ધાને ઠેસ પહોંચી હોવાની લાગણી સાથે અચરજમાં મુકાયેલા સ્થાનિક રહીશોએ દેરી તોડવાના મામલે પૃચ્છા કરી હતી. આ તબક્કે સુવિધા કેન્દ્રના કર્મચારીઓએ ઉચ્ચકક્ષાએથી સૂચના હોવાનું જણાવી દેરી અને ઓટલો તોડી નાંખ્યા હતા. છેલ્લા ચાર દાયકાથી વસાહતીઓમાં શ્રદ્ધાનું કેન્દ્ર સ્થાન બનેલી માતાજીની દેરી તોડી પડાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે વસાહતીઓ ઉચ્ચકક્ષાએ દેરી બનાવવાની મંજૂરી મેળવવા રજૂઆત કરશે તેમ પણ જણાવાયું છે. જ્યારે આ અંગે મંજૂરી નહીં આપવામાં આવે તો આંદોલનની સાથે લડત અપાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ઉજવાયેલ નવરાત્રી મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૨

આસો સુદ એકમથી નોમ, આ નવ દિવસ મા દુર્ગાની શક્તિ સ્વરૂપે પૂજા કરવામાં આવે છે. દરેક જગ્યાએ મા શક્તિની પૂજાની સાથે સાથે ગરબા દ્વારા ભક્તોનો ભક્તિભાવ પ્રગટ થાય છે. આ ભક્તિભાવ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પણ જોવા મળ્યો. જી.આઈ.પી.એસ.ના ૮મા નવરાત્રી મહોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ મહોત્સવની ઉજવણીરૂપે શાળાના દરેક વિદ્યાર્થીઓથી માંડી શાળાના દરેક કર્મચારીઓ હરખભેર ગરબા રમવા જોડાયા હતા. મહેમાન કનૈયાલાલ ભટ્ટે શાળાના બાળકો ઉત્સાહભેર ગરબે ઝૂમે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયક તરીકે આવેલ જીનલ શાહ, આસ્થાબેન ભટ્ટ અને સંગીતા પટેલ દ્વારા સુંદર નિરીક્ષણ બાદ વિદ્યાર્થી ખેલૈયાઓની સાથે સાથે શિક્ષક ખેલૈયાઓને પણ પસંદ કરી ટ્રસ્ટીગણે તેમજ આચાર્યના વરદહસ્તે ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગુજરાતના શહીદ જવાન બાબુભાઈ રાયસિંગભાઈ રાવતનો રાજ્ય પોલીસ દ્વારા શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૨૨


રાજયના પોલીસ વડા શ્રી ચિતરંજનસિંઘે આજ રોજ ૨૧ ઓકટો.૨૦૧૨ના શહીદ સંભારણ દિને પોલીસ પરેડ ગ્રાઉન્ડ પોલીસ શહીદ સ્મારક, શાહીબાગ, અમદાવાદ ખાતે શહીદોને શ્રધ્ધાંજલી આપી સલામી આપી હતી.

આ -સંગે ભૂતપૂર્વ ડી.જી.પી.શ્રીઓ તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી એસ.કે. સાઈકીયા, અધિક પોલીસ મહાનિદેશક શ્રી શિવાનંદ ઝા, અધિક પોલીસ મહાનિદેશક શ્રી મોહન ઝા, અધિક પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટીયા તેમજ અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ શહીદોને શ્રધ્ધાંજલી અર્પી સલામી આપી હતી.

સમગ્ર ભારતમાં કુલ-૫૬૬ પોલીસ અધિકારી/કર્મચારીઓ પોતાની ફરજ દરમ્યાન બહાદુરી પૂર્વકની કામગીરી દાખવી વીરગતિ પામેલ છે. જેમાં આંધ્ર-દેશ -૧૦, આસામ-૩, છત્તીસગઢ-૨૪, દિલ્હી -૧૯, ગુજરાત-૧, હિમાચલ -દેશ-૩, જમ્મુ-કાશ્મીર-૧૦, ઝારખંડ- ૪૩, કર્ણાટક -૫, કેરાલા-૧, મધ્ય -દેશ-૧૦, મહારાષ્ટ્ર-૪, મણીપુર-૯, મેઘાલય-૮, નાગાલેન્ડ-૪ ઓરીસ્સા-૧૮, પંજાબ-૨૯, રાજસ્થાન-૧, તામીલનાડુ-૩, ત્રિપુરા-૧, ઉત્તર-દેશ-૧૩૫, ઉત્તરાખંડ-૫, વેસ્ટ બંગાળ-૨૮, બી.એસએફ-૮૫, સી.આઈ.એસ.એફ-૨૧, સીઆરપીએફ-૫૭, આઈ.ટી.બી.પી-૨, એમ.એચ.એ.-૧, આર.પી.એફ-૧૯, એસ.પી.જી.- ૨ અને એસ.એસ.બી.-૫ નો સમાવેશ થાય છે.

ગુજરાતના અનાર્મ હેડ કોન્સ્ટેબલ બાબુભાઈ રાયસીગભાઈ રાવત તા.૨૨/૯/૧૯૯૨ ના રોજ પોલીસ વિભાગમાં જાડાયેલ હતા અને તેઓ સુરત ગ્રામ્યના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં તા.૪/૧૨/૨૦૧૧ ના રોજ ફરજ ઉપર હતા ત્યારે ઈશનપોર ગામના સરપંચની ફરીયાદ આધારે હાથમાં ચપ્પુ લઈને ફરતા ઈસમને પકડવા તેમના ઘર પાસે ગયેલ ત્યારે પોતાના ઘર બહાર ખાટલા ઉપર બેસેલ આ ઈસમે તેની કમરના પાછળના ભાગેથી ચપ્પુ કાઢી અ.હે.કો. બાબુભાઈ રાયસીગભાઈ ઉપર હુમલો કરી છાતીમાં ડાબી બાજુએ જીવલેણ હુમલો કરતાં તેઓને લોહીલુહાણ હાલતમાં તાત્કાલીક સારવાર માટે ઓલપાડ સરકારી દવાખાતે લઈ જતાં ફરજ ઉપરના ડોકટરે ઈજા ગંભીર હોઈ સુરત હોસ્પિટલ ખાતે તાત્કાલીક દાખલ કરવા જણાવતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં સુરત મિશન હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ. જેને ફરજ પરના ડોકટરશ્રીએ તપાસ કરતાં બાબુભાઈ રાયસીગભાઈ મરણ જાહેર કરેલ. તા.૪/૧૨/૧૧ ના રોજ વીરગતિ પામનાર સ્વ. બાબુભાઈ રાયસીગભાઈ રાવતને બે પૂત્રી અને બે પૂત્ર છે.

## શબ્દાવલી - ૪૮૭૯



**આડી ચાવી**

૧. વખાર (૩)
૪. અંતકડી, એક રમત (૪)
૭. દમવાળુ, શક્તિશાળી (૪)
૯. 'માપ' શબ્દ ઊંધો છે (૨)
૧૦. લજામણી, લાજવંતી (૪)
૧૪. જમ, મૃત્યુનો દેવ (૨)
૧૫. નસ કે નાડી ને... કહેવાય (૨)
૧૬. કાપડ કે કાગળની વધેલી કસ્તર (૪)
૧૮. આમંત્રણ (૩)
૧૯. ખુબ મોટું, ભવ્ય (૩)
૨૦. ચટકારો, વધારે પડતો શોખ (૪)
૨૩. વાવવા માટે નાના છોડ જુદા રખાય તે (૨)
૨૪. ચરણ ચુમવા તે, દંડવત (૫)
૨૫. મુંડન કરાવેલો, ટાલ (૨)

**ઊભી ચાવી**

૧. રૂ કે ગાભાનું નાનું ગોદડું (૩)
૨. ભાવ, કિંમત (૨)
૩. સાપનો ખેલ બતાવનાર (૩)
૫. શિયાળામાં ઠંડી ઉડાડવા લોકો... કરે (૩)
૬. માફી (૨)
૮. ધાતુ - પારા વગેરેની ભસ્મવાળા ઔષધી (૪)
૧૧. ખાવાની વસ્તુ (૨)
૧૨. આકાશ, નભ (૩)
૧૩. શૂળીનો ઘા સોયથી સર્યો... ગઈ (૨)
૧૫. રઝળ્યા કરવું તે (૫)
૧૬. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૧૭. નકામુ કે વધારાનું કામ (૪)
૧૮. ઈશારત કે સૂચન (૩)
૨૧. 'દન' શબ્દ ઊંધો (૨)
૨૨. યંત્ર માનવને... કહેવાય (૨)

### શબ્દાવલી ૪૮૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) નવરાશ (૪) આરંભ (૬) ફન (૭) કસ્તુરી (૧૦) ખમા (૧૧) તજવીજ (૧૩) તર (૧૪) ગતાગમ (૧૭) ચલણ (૧૯) ડર (૨૧) લક્ષ (૨૨) તાપણી (૨૩) મણ (૨૪) પત્રી (૨૩) તાન

**ઊભી ચાવી :-** (૧) નફરત (૨) વન (૩) શક (૪) આરી (૫) ભરમાર (૮) સ્તુતિ (૯) ભાવી (૧૦) ખતમ (૧૨) જગ (૧૫) તાડપત્રી (૧૬) ગરણી (૧૭) ચલમ (૧૮) લક્ષણ (૨૦) કમાન (૨૨) તાપ


વળતર... વળતર વળતર...
નવરાત્રી, ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ — દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ — પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KISAN
VINAYAK500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧